ગાંધીનગર સમાચાર

જુના સચિવાલયના પટાવાળાને ગઠીયા બે લાખનો ચૂનો લગાવી ગયો

# સિવિલ ખાતે ફાયર સેફટી એન્ડ ઈમરજન્સી રીસ્પોન્સ અંગે મોકડ્રીલ

## સિવિલના ત્રીજા માળે આગ : ફાયરે ૪૦ દર્દીઓને સલામત જગ્યાએ ખસેડ્યા







(તસવીર : દિપક જાની)



ગાંધીનગર, તા.૧૨

ગુજરાત રાજય સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે આજે બપોરના સુમારે ફાયર સેફટી એન્ડ ઈમરજન્સી રીસ્પોન્સ અંગેની મોકડ્રીલ યોજાઈ હતી. આ મોકડ્રીલમાં સિવિલ હોસ્પિટલના નવિન બિલ્ડીંગના ત્રીજા,ચોથા,અને પાંચમાં માળના વોર્ડમાં આગ લગાડવામાં આવી હતી. જેમાં આઈ.સી.યુ,હોમોડાયાલિસીસ, ઓર્થોપેડીક સહિત ઓપરેશન થિયેટરમાં ઓપરેશન માટે લઈ જવાયેલા દર્દીઓને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

આ મોકડ્રીલમાં ગાંધીનગર સિવિલના નવા બિલ્ડીંગના ભોંયતળીયે એસેમ્બલી વિભાગ ઉભો કરવામાં આવ્યો હતો. આ વિભાગમાં ૬ ડોકટટોની ટીમ તેમજ ૩૦ બેડની સુવિધા ઊભી કરવામાં આવી હતી. સિવિલના ત્રીજા માળે આગ લાગતા વધુ ફેલાતા ૪ અને ૫ માં માળે પણ પ્રસરી હતી. હોમોડાયાલીસિસ વિભાગ,ઓર્થોપેડીક અને ઓપરેશન વિભાગમાં હાજર દર્દીઓને સિવિલ સ્ટાફ,સીકયુરીટી,તેમજ હાઉસકીપીંગના માણસોએ વ્હીલચેર અને સ્ટ્રેચર દ્વારા સહી સલામત રીતે નીચે લાવ્યા હતા. કેમ્પસમાં એસેમ્બલી વિભાગમાં હાજર ડોકટરો અને સ્ટાફના કર્મચારીઓએ દર્દીઓને તાત્કાલીક સારવાર આપી હતી. જયારે કેટલાંક દર્દીઓને અમદાવાદ રીફર કરાયા હતા અને કેટલાક દર્દીઓને તાત્કાલીક વિભાગમાં લઈ જઈ સારવાર આપી હતી. આ મોકડ્રીલમાં ગાંધીનગર ફાયર બિગ્રેડ, એમ્બ્યુલન્સ સેવાઓ,૧૦૮ ઈમરજન્સી સેવા, પોલીસ તેમજ વહીવટી વિભાગ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ અને સિવિલના ડૉકટરો સહિત તમામ સ્ટાફને આપતિ સમયે જાનહાની અને મિલ્કતને ઓછું નુકશાન થાય તે પ્રકારે તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. સિવિલ ખાતે આગની ઘટનાની જાણ થતાં જ ગાંધીનગર ફાયર બિગ્રેડ અને ડૉકટરની ટીમ સહિત સિવિલનો અન્ય સ્ટાફ તાત્કાલીક અસરથી દોડીને આગ લાગેલા બ્લોકમાં પહોંચી જઈને દર્દીઓને ઝડપી ખસેડી સલામત સ્થળે લઈ જવાની અને ઘાયલ દર્દીઓને એમ્બ્યુલન્સવાનો દ્વારા તાત્કાલીક સારવાર મળે તેવી ઝડપી સેવા બજાવી હતી. અડધો કલાક ચાલેલી મોકડ્રીલ જોવા લોકો કેમ્પસમાં ટોળે વળ્યા હતા. કેમ્પસમાં તૈયાર કરવામાં આવેલો એસેમ્બલી વિભાગની સિવિલ સતાવાળાઓએ માહિતી મેળવી હતી. આ પ્રસંગે સિવિલ સુપ્રિટેન્ડેન્ટ બિપિન નાયક, ગુજરાત ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિક મુખ્ય કારોબારી અધિકારી બી.કે.ઠક્કર, સિવિલના તમામ ડૉકટર્સ,પ્રાંત અધિકારી રાકેશકુમાર વ્યાસ,સિવિલના ડૉ.ઝાલા સહિત મોટીસંખ્યામાં સ્ટાફના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## @ગાંધીનગર

● સેકટર-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે દ્વિતિય દિવસની શ્રીમદ્ સત્સંગી જીવન પંચદિનાત્મક પારાયણ કથા સવારે ૮ થી ૧૧.૩૦ કલાકે તથા બપોરે ૩ થી ૫ કલાકે યોજાશે. કથા સ્થળે સાંજે ૫.૦૦ કલાકે સ્વામિ કુંજવિહારીદાસજીનું વ્યાખ્યાન તથા રાત્રે ૮.૩૦ કલાકે રાસોત્સવ યોજાશે.

● ઉગમણા સત્તાવીશ ગોળ પરગણા રોહિત સમાજ દ્વારા બપોરે ૧.૦૦ કલાકે સે-૬, સંતશ્રી રોહિદાસ સ્મૃતિ મંદિર ખાતે સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાશે.

● ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા બપોરે ૩.૦૦ કલાકે સેકટર-૨૩, કડી શિક્ષણ સંકુલ, શેઠ શ્રી ખીમજી વિસરામ એન્ડ સન્સ હોલ ખાતે અમૃત મહોત્સવ ૨૦૧૫ નો કાર્યક્રમ યોજાશે.

● લીલાબેન હરિપ્રસાદ દેસાઈના નિવાસ સ્થાન સેકટર-૨-એ પ્લોટ નં. ૧૧૯૧/૨ ખાતે બપોરે ૧ થી ૫ કલાક દરમિયાન ભાવનાબેન ગોકલાણીના સાનિધ્યમાં આનંદનો ગરબો યોજાશે.

● વૈજનાથ મહિલા મંડળ સે-૨૧ દ્વારા બપોરે ૧ થી ૬ કલાક દરમિયાન નલીનીબેન નાગર પ્લોટ નં. ૬૨૦/૧, અંબાજી માતાજીનો ચોક, સે-૭-બી ખાતે રસ રોટલીનો આનંદનો ગરબો યોજાશે.

● સે-૨૩, ફાર્મસી કોલેજ ખાતે રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટનો રીફ્રેશર કોર્સ માટે વર્કશોપ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## એમ.બી. પટેલ શાળાની વિદ્યાર્થીનીઓ ર૭બી ફૂટબોલ સ્પર્ધામાં ઝળકી

ગાંધીનગર, તા.૧૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓએ તાજેતરમાં સે-૧૫, સાંઈ સ્પોર્ટસ ખાતે યોજાયેલ રમત સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ર૭બી ફૂટબોલ અંડર-૧૪માં ભાગ લઈ ધો-૭-બની માનસી દેસાઈ અને ધો-૮-કની પ્રિયા ભાયાણીએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. તથા ધો-૮-ડની વિદ્યા ચૌધરી અને ધો-૮-કની હર્ષિદા જોષીએ બીજું સ્થાન મેળવ્યું હતું. આ ચારેય વિદ્યાર્થીનીઓ ટૂંક સમયમાં નેશનલ કક્ષાની ઓરિસ્સા ખાતે યોજાનાર સ્પર્ધામાં ભાગ લેશે. શાળાના આચાર્ય નીરૂબેન પટેલે તમામ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## આર.જી. પટેલ કન્યા શાળામાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૨


ગાંધીનગરમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરના પરિનિર્વાણ દિનની ઉજવણી કરાઈ હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકરના શિક્ષણ, રાજનીતિજ્ઞ કારકિર્દી, સરળ વ્યકિતત્વ અને જીવન ઝરમર જેવા વિષયો પર શાળા કક્ષા, તાલુકા કક્ષા, જિલ્લા કક્ષા અનો રાજયકક્ષાએ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આર.જી. પટેલ કન્યા માધ્યમિક વિભાગની હિરલ ચૌધરી તથા શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉચ્ચ માધ્યમિક વિભાગની રાજવી શાહે વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લઈ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી વિજેતા બની હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રાજયકક્ષાના મંત્રી રમણભાઈ વોરા ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરમાં વિરાટ પુસ્તક મેળો યોજાશે

### આ મેળામાં ૩૨૦૦ થી વધારે પુસ્તકનું ૫૦ ટકા કિંમતે વેચાણ થશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરમાં વિરાટ પુસ્તક મેળો યોજાશે.આ પુસ્તક મેળો ગાંધીનગરના સેકટર-૧૨ સ્થિત બલરામ મંદિર પરિસર ખાતે તા. ૧૯ થી ૨૭ ડિસેમ્બર સવારે ૯ થી રાત્રીના ૮ કલાક દરમિયાન યોજાશે. આ ક્ષાન યજ્ઞના પુસ્તક મેળામાં વેદમૂર્તિ તપોનિષ્ઠ-પં શ્રીરામ શર્મા આચાર્યા રચિત ૩૨૦૦ થી અધિક પુસ્તકો




તેમજ સદસાહિત્ય ૫૦ ટકાની કિંમતે મળશે. જયારે આ મેળા અંતર્ગત તા.૧૮ ડિસેમ્બરના રોજ શહેરમાં ભવ્ય શોભાયાત્રા નીકળશે. નગરના સેકટર-૬ એ.અંબાજીમાતાના ચોકથી બપોરે ૨ કલાકે ધર્મ ગ્રંથ અને શકિત કળશ સાથે નીકળનારી શોભાયાત્રા નગરના વિવિધ માર્ગો પરથી પસાર થઈ સેકટર-૧૨ બલરામ મંદિર ખાતે સાજના સમયે પહોંચશે. પુસ્તક મેળાનું ઉદ્યાટન સેકટર-૧ સમદર્શન આશ્રમના ગુરુમાં ના હસ્તે કરવામાં આવશે. જયારે શોભાયાત્રામાં યુગનિર્માણના ૨ પ્રતિનિધી મથુરાથી ખાસ ઉપસ્થિત રહેશે.આ શોભાયાત્રામાં નગરના ભાવિભકતોને જોડાવા ગાયત્રી મંદિરના સભ્યો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

જ્ઞાનદાન મહાદાન ‘‘બ્રહ્મભોજ યોજના’’ અંતર્ગત ડીસેમ્બર માસમાં તા. ૧૯ થી ૨૭ માં જ્ઞાનયજ્ઞ સંપન્ન થનાર છે. શહેરમાં સૌ પ્રથમવાર આટલી મોટી સંખ્યામાં સદ્સાહિત્ય પ્રાપ્ત કરવાનો સુઅવસર નગરજનોને પ્રાપ્ત થશે. આ મેળામાં વ્યકિત નિર્માણ, પરિવાર નિર્માણ, સમાજ નિર્માણ, રાષ્ટ્ર નિર્માણ, તથા વિદ્યાર્થીઓ માટે. સ્વાસ્થ્ય અને વનૌષધિ, શિક્ષણ અને સ્વાવલંબન, સતચિંતન વિચાર, યુગ પરિવર્તન સાહિત્ય, આધ્યાત્મનું વૈજ્ઞાનીક પ્રતિપાદન, સપ્ત કાંતિ, આર્ષ ગ્રંથ, ગાયત્રી વિધા, યજ્ઞ, વ્યસન મુકિત અને પર્યાવરણ તથા મહિલા સશકિતકરણના સહિત જીવન ઉપયોગી અઢળક પુસ્તકો આ મેળામાં ઉપ્લબ્ધ છે. ગાયત્રી શકિતપીઠ દ્વારા આ જ્ઞાનયજ્ઞના પુસ્તક મેળામાં સહપરિવાર પધારવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ચાલુ ટ્રેનમાંથી મેદરા કેનાલમાં કુદેલી મહીલાનો મૃતદેહ ઝુંડાલથી મળ્યો

ગાંધીનગર, તા.૧૨

અમદાવાદ મેમકોથી સાસુ-વહુ ડભોડા હનુમાન મંદિરે માનતા પુરી કરવા ગયા હતા અને પરત ફરતી વખતે ચાલુ ટ્રેનમાંથી મેદરા કેનાલમાં વહુ ખાબકી હતી. ચાર દિવસ બાદ મહિલાનો મૃતદેહ તણાઈને અડાલજ પાસે ઝુંડાલ કેનાલમાંથી મળી આવ્યો હતો. અડાલજ પોલીસે મૃતદેહ પીએમ કરાવી તપાસ કરતાં ઉલ્ટી કરવા જતા ચાલુ ટ્રેનમાંથી મહિલા પડી ગઈ હોવાનું પ્રાથમિક નિવેદનોમાં જાણવા મળ્યું છે.

મેમકોથી ૯ ડિસેમ્બરે સાસુ સવિતાબેન અને ૩૨ વર્ષીય વહુ રાજેશ્વરી

**મુસાફરી દરમિયાન તબીયત બગડયા બાદ ચાલુ ટ્રેને ઉલ્ટી કરવા ગઈને મહિલા કેનાલમાં પડી ગઈ હોવાનું નિવેદન**

રાકેશભાઈ વોરા ડભોડીયા હનુમાન મંદિરે દર્શન કરવા ગયા હતા બપોર બાદ દર્શન અને માનતા પુરી કરીને સાસુ-વહુ પરત ટ્રેનમાં જઈ રહ્યા હતા તે દરમિયાન રાજેશ્વરી મેદરા નર્મદા કેનાલમાં ચાલુ ટ્રેનમાંથી પડી ગઈ હતી. ગઈ કાલે તેણીનો મૃતદેહ છેક ઝુંડાલ કેનાલમાંથી મળી આવ્યો હતો. મૃતદેહ તણાઈને ઝુંડાલ સુધી પહોંચી ગયો હતો. અડાલજ પોલીસ મથકના મુળજીભાઈ એ અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરુ કરતાં પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે રાજેશ્વરીની તબિયત લથડતા ચાલુ ટ્રેને ઉલટી કરવા ઉભી થઈ અને અકસ્માતે પડીને કેનાલમાં ખાબકી ગઈ હતી. પોલીસે ગુનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## વાતવાતમાં

● નગરમાં લગ્નસરાની ભારે મૌસમ પુરબહારમાં ખિલી ઉઠી છે અને ઠેર ઠેર શરણાઈના સૂર તથા ગરબાના ઢોલ ઢબૂકતા સંભળાય છે. આ વર્ષે સિંહસ્થ યોગ હોવાથી લગ્નોના મુહુર્ત ઓછા છે તેમજ તા. ૧૨-૧૩ ડિસેમ્બર પછી કમૂરતાં બેસી જવાને કારણે ઉત્તરાયણ બાદ જ નવા શુભ મુહૂર્ત નીકળશે.

● ગાંધીનગરની મેડિકલ કોલેજમાં સ્વાઈન ફલુ અંગેનો સેમિનાર સંપન્ન થયો. આ સેમિનારમાં નગરના જાણીતા પિડીયાટ્રીશીયન ડૉ. મહેરીયાનું વ્યાખ્યાન ખૂબ વખણાયું હતું.

● નગરમાં અનેક ઠેકાણે અંજીર તથા અન્ય ડ્રાયફ્રુટસ છુટક વેચતા ફેરિયાઓ અચાનક જ ચઢી આવ્યા છે. શિયાળામાં વસાણા સાથે ડ્રાયફ્રુટ ખાતા સ્વાસ્થ્ય પ્રેમી નગરજનો આ ફેરિયાઓ પાસેથી ભાવ તાલ કરાવી બજાર કરતા ઓછા ભાવે સુકો મેવો ખરીદી હરખાઈ રહ્યાં છે.

● ગાંધીનગરના નાગર સમાજના અગ્રણી દર્પણભાઈ બુચના માતૃશ્રી રસીલાબેનનું શનિવારે સાંજે દુઃખદ અવસાન થયું છે. સદગતની અંતિમ યાત્રા રવિવારે સવારે ૯ વાગે સે-૨૮ ખાતેથી નિકળશે.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## સે-૨૬ બ્રહ્મ સમાજના સ્નેહમિલન સમારોહનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

સેકટર-૨૬ બ્રહ્મ સમાજ દ્વારા આગામી તા. ૨૦મી ડિસેમ્બરના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન સેકટર-૨૭ રંગમંચ ખાતે સ્નેહમિલન સમારોહ યોજાશે. આ સમારોહમાં સંગીત સંધ્યા અને વરિષ્ઠ વડીલ સત્કાર સમારંભનું આયોજન કરાયું છે. સેકટર-૨૬ બ્રહ્મસમાજના પ્રમુખ કેતનભાઈ પંડયાએ બ્રહ્મ પરિવારના સભ્યોને હાજર રહેવા જણાવ્યું છે.

## અન્ડર-૧૯માં હિરામણી સ્કૂલનો વિજય

ગાંધીનગર, તા.૧૨

તાજેતરમાં એલ.ડી. આર્ટસના ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર અંડર-૧૯ની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું. આ ટુર્નામેન્ટમાં દિવાન બલ્લુભાઈ સ્કૂલ અને હિરામણી સ્કૂલ વચ્ચે મેચ રમાઈ હતી. જેમાં હિરામણી સ્કુલનો ૨૧૮ રનથી વિજય થયો હતો. હિરામણી સ્કૂલના વિદ્યાર્થી ધાર્મિક મિસ્ત્રીએ ૧૪૫ રન બનાવ્યા હતા. સ્નેહ શાહે ૪ વિકેટ તથા વરૂણે ૩ વિકેટ લઈ સ્કૂલને વિજય અપાવ્યો હતો.

## જુના સચિવાલયના પટાવાળાને ગઠીયો બે લાખનો ચૂનો લગાવી ગયો

### બેન્કમાં એમ.ઓ.ડી. એકાઉન્ટ ખોલી આપવાનું કહીને બેન્કની બહાર મળેલો ગઠીયો બે લાખ રૂપિયા લઈ બોગસ પાવતી આપીને ફરાર થઈ ગયો

ગાંધીનગર, તા.૧૨

જુના સચિવાલયમાં સ્થિત બ્લોક નં. ૧૬માં નોકરી કરતાં પટાવાળાને સેકટર-૧૦માં આવેલી સ્ટેટ બેંક પાસે મળેલા એક ગઠીયાએ બેંકમાં એમ.ઓ.ડી. એકાઉન્ટ ખોલી રોકાણ કરવાની સલાહ આપી હતી. વિશ્વાસમાં આવી એમઓડી એકાઉન્ટ ખોલી આપવા તૈયારી બતાવી ગઠીયાએ પટાવાળા પાસેથી રૂ. ૨ લાખ ઉપાવડાવીને બેન્કમાં ભરવાના બહાને લઈ ગયો અને બોગસ પાવતી થપાવી ગઠીયો ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે સે-૭ પોલીસે વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો દાખલ કરીને તપાસનો દોર શરુ કર્યો છે.

જુના સચિવાલય બ્લોક નં. ૧૬ના ત્રીજા માળે કમિશનર ગ્રામ વિકાસની કચેરીમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા અને સે-૬ બ્લોક નં. ૬૧/૧, જ-ટાઈપમાં રહેતા માનસિંહ ખુમાનસિંહ રાઠોડ ૮ ડિસેમ્બરે બેન્કના કામ અર્થે સે-૧૦ સ્ટેટ બેન્કની બ્રાન્ચમાં ગયા હતા. ત્યાં બહાર એક વ્યકિત તેમને મળ્યો અને સ્ટેટ બેન્કમાં એમ.ઓ.ડી. એકાઉન્ટમાં રોકાણ કરો તો સારું વળતર મળશે તેમ કહી વિશ્વાસમાં લીધા હતા. બાટલીમાં ઉતારી દીધા બાદ માનસિંહને તે વ્યકિત પર વિશ્વાસ આવી જતા દિકરાને બોલાવી ચેક બુક મંગાવી રૂ. ૨ લાખ ઉપાડીને આ એકાઉન્ટ ખોલવા તે શખ્સને આપી દીધા હતા. થોડીવાર રહીને તે શખ્સે રૂપિયા ભર્યાની પાવતી આપી અને ચાલ્યો ગયો હતો. પાસબુકમાં એન્ટ્રી કરાવ્યા બાદ માનસિંહને ખ્યાલ આવ્યો કે તેવું કોઈ એકાઉન્ટ જ ખુલ્યું નથી અને પાવતી પણ બોગસ હતી. રૂ. ૨ લાખનો ચુનો લગાવીને તે શખ્સ ફરાર થઈ ગયો હતો. સે-૭ પોલીસે ગુનો નોંધી તપાસ કરતાં બેન્કના કેમેરામાં તે કેદ થયેલો હોવાનું અને તુટક તુટક હિન્દી ભાષા બોલતો આશરે ૫૦ વર્ષીય ગઠીયો હોવાનું ધ્યાને આવ્યું છે. તે દિશામાં તપાસ આરંભી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# પારેખદાદાની વાંસળીના સૂરે શ્રોતાઓ ભાવવિભોર

## સતત ૨૨મા વર્ષે મુકિતધામ સ્મશાન ખાતે કારતકી શિવરાત્રિએ પ્રવિણચંદ્ર પારેખનું રાતભર વાંસળીવાદન : સુગમ સંગીત તથા સંતવાણીએ પણ રંગત જમાવી

ગાંધીનગર, તા.૧૨

સતત ૨૨મા વર્ષે ‘પારેખદાદા’ના સૂર અને સંગીતમાં નગરના રસિકજનો રસતરબોળ થયા. દર વર્ષે કારતક માસની અમાસ એટલે કે કારતકી શિવરાત્રિએ પ્રવિણચંદ્ર પારેખ સ્મશાનમાં આખી રાત વાંસળીના સૂરો રેલાવે છે અને સૂરોના સથવારે વાંસળીવાદન ઉપરાંત માતાજીના છંદ-સ્તુતિ, ગરબા, સંતવાણી ભજન, હવેલી સંગીત, સુગમ સંગીત વગેરેની પ્રસ્તુતિ સાથે શુક્રવારની રાતે સે-૩૦ના મુકિતધામ ખાતે ઉપસ્થિત તમામ શ્રોતાઓ ભાવવિભોર થઈ ઝુમી ઉઠયા હતા. ‘પારેખદાદા’ પોતે પણ આંખોમાંથી વહેતી અશ્રુધારા સાથે ખોપડીમાંથી નિકળતા અસલી સંગીત સાથે નિજાનંદમાં મસ્ત થઈ ગયા હતા.

ગાંધીનગરના સે-૩૦ ખાતે આવેલા મુકિતધામ સ્મશાન ખાતે નગરના જાણીતા વાંસળીવાદક ૭૧ વર્ષીય પ્રવિણચંદ્ર ગોવિંદલાલ પારેખ છેલ્લા ૨૨ વર્ષથી સતત દર વર્ષે કારતકી અમાસે આખી રાત વાંસળી વાદન પ્રસ્તુત કરે છે. આ વાંસળી વાદન તેઓ નિજાનંદ તથા મૃતાત્માઓના આત્માની શાંતિ માટે કરે છે. સ્મશાનમાં વાંસળી વાદન અંગે પારેખદાદાનો તર્ક એવો છે કે ‘સમાજમાં દરેક જગ્યાએ પછી તે ધર્મસ્થળ હોય કે સામાજીક સ્થળ, તમામ સ્થળે સંપ્રદાયના ભેદભાવ



પ્રવર્તે છે. માત્ર સ્મશાન જ એવી જગ્યા છે જયાં કોઈ જ ભેદભાવ હોતો નથી.’ આમ સામાજીક ઐકયના પ્રતિક સ્થળ એવા સ્મશાન ખાતે તેઓ વાંસળી વાદન કરી સમાજને એકતાનો સંદેશો પણ પાઠવે છે. શુક્રવારે રાત્રે ૯ વાગ્યાથી માંડીને વહેલી પરોઢ સુધી ચાલેલા આ કાર્યક્રમમાં નદી કિનારે આવેલા મુકિતધામ ખાતે કાતિલ ઠંડી હોવા છતાં શ્રોતાઓએ મન મુકીને પારેખદાદાને માણ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નગરના સંગીત પ્રેમીઓ તથા ભકિતરસના રસિકોઓ ઉપસ્થિત રહી પારેખદાદાનો ઉત્સાહ વધાર્યો હતો.

પારેખદાદાના વાંસળી વાદનમાં ઋષિ શ્રીમાળી તથા પારેખદાદાના પુત્ર રાજેશ પારેખે તબલાના અદભૂત તાલ આપી સમગ્ર માહોલને જીવંત બનાવી દીધો હતો. આ સાથે ચંદ્રકાન્ત પંડયાએ સંતવાણી અને સુગમ સંગીતની રમઝટ બોલાવી હતી. આ કાર્યક્રમમાં યુજીવીસીએલના નિવૃત્ત એકઝીકયુટીવ ડાયરેકટર વી.ટી. રાજપરાએ ઉપસ્થિત રહી આયોજનમાં ઘણો સહકાર આપ્યો હતો. આ ઉપરાંત કાર્યક્રમના આયોજનમાં અશોકભાઈ શર્મા, રોહિતભાઈ દરજી, મહેશભાઈ (જનકચાવાળા), સુભાષભાઈ વાઘેલા તથા ચંદુભાઈ કિશોરે દર વર્ષની જેઆ વર્ષે પણ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમને માણવા ગાંધીનગર અમદાવાદ તથા અન્ય સ્થળોએથી હિન્દુ-મુસ્લિમ એમ તમામ શ્રોતાઓ ઉમટી પડયા હતા.




એવું કહેવાય છે કે શિયાળાનું ખાધેલું આખું વર્ષ ચાલે છે. વળી શિયાળામાં અવનવા તાજા ફળો સ્વાસ્થ્ય માટે ખૂબ જ લાભદાયી નીવડે છે. શહેરમાં વેચાવા આવેલા તાજા પપૈયાની આ લારી ગ્રાહકોને આકર્ષી રહી છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

## ચિરવિદાય

- સ્વ. ચંદ્રકુંવરબા કિશોરસિંહ ઝાલા, ઉ.વ. ૬૫
- સ્વ. શાંતાબેન ભીખાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૭૦
- સ્વ. શૈલેશભાઈ મણીલાલ પ્રજાપતિ, ઉ.વ. ૩૯